# જય આદ્યશક્તિ.... મા જય આદ્યશક્તિ....



(તસવીર : દિપક જાની)

મા આદ્યશક્તિની આરાધનાનું પર્વ એટલે નવરાત્રી - ગાંધીનગરમાં વિશ્વના આ લાંબા નૃત્યોત્સવની ઉજવણી ઉલ્લાસ અને ઉમંગથી કરવામાં આવી રહી છે.... એમાંય ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત 'નવલી નવરાત્રી'માં આઠમાં નોરતે મા-આદ્યશક્તિની ભક્તિ-આસ્થાનો અનોખો માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે બરાબર બારના ટકોરે મા-આદ્યશક્તિની 'મહા આરતી'નું આયોજન કરવામાં આવ્યું હતું. હજારો ખેલૈયાઓ અને ગરબા પ્રેમીઓથી ગાંધીનગર કલ્ચરલ ફોરમનું ગરબા ગ્રાઉન્ડ ઉભરાઈ ગયું હતું. એક અલૌકિક માહોલ વચ્ચે હજારો દીવડાઓ લઈને ગરબા ગ્રાઉન્ડમાં ઉભેલા ખેલૈયાઓથી વિશાળ 'દિવડા'નું નિર્માણ કરવામાં આવ્યું હતું. જ્યારે 'મહા આરતી'નો પ્રારંભ થયો અને ગરબા ગ્રાઉન્ડની તમામ લાઈટ્સ બંધ કરવામાં આવી ત્યારે કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં એક અલૌકિક - આધ્યાત્મિક અને અનોખા માહોલનું નિર્માણ થયું ત્યારે ૫૦૦ ફૂટ ઉંચી ક્રેન સ્નોર સ્કેલ દ્વારા એરીયલ વ્યૂને કેમેરામાં કંડારવામાં આવ્યો હતો.....







## મુખ્ય સચિવ તરીકે વી.એન. માયરાએ કાર્યભાર સંભાળ્યો

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના મુખ્ય સચિવ શ્રી એ.કે. જ્યોતિ દસ દિવસની રજા પર જતાં મુખ્ય સચિવ તરીકે કાર્યભાર અધિક મુખ્ય સચિવ શ્રી વી.એન. માયરાને સોંપવામાં આવ્યો છે.

શ્રી માયરા ૩૧મી ઓક્ટો.ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. શ્રી જ્યોતિ ૧લી નવેમ્બરના રોજ તેમની ફરજ પર હાજર થનાર છે.

શ્રી માયરા એક અચ્છા ફોટોગ્રાફર હોવા ઉપરાંત શેક્સપિયરના નાટકોના રસિક હોવા ઉપરાંત તેમને અભિનય ક્ષેત્રે પણ સારી નામના મેળવી હતી.

શ્રી માયરા મુખ્ય સચિવનો કાર્યભાર સંભાળતાં નિવૃત્ત થશે તેવી પ્રથમ ઘટના ગુજરાતની તવારીખીમાં બનશે.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com